
# પોલીસ કસ્ટડીમાં કરવામાં આવતો હત્યાકાંડ

કોઈ પણ બાળકને પૂછવામાં આવે કે પોલીસને જોઈને તને કેવી લાગણી થાય છે? ત્યારે તેનો જવાબ હશે કે, મને ડર લાગે છે. આ લાગણી માત્ર બાળકો પૂરતી મર્યાદિત નથી. પુખ્ત વયના લોકોને પણ પોલીસને જોઈને સલામતીની નહીં પણ ભયની લાગણી પેદા થાય છે. તેનું કારણ આપણા પોલીસતંત્રની માનસિકતા છે. બ્રિટીશ કાળમાં કોઈના ઘરે પોલીસ ટકોરા મારે તો મોત આવી ગયું હોય તેવું લાગતું હતું. સ્વતંત્રતા પછી પણ આ પરિસ્થિતિ બદલાઈ નથી. પોલીસ કર્મીઓની તુમાખીને કારણે સામાન્ય નાગરિક હંમેશા પોલીસથી ડરતો રહે છે. પોલીસ કર્મચારીઓ નિર્દોષ લોકો પર કે તેમની કસ્ટડીમાં રહેલા કેદી પર ગમે તેટલા અત્યાચારો ગુજારે તો પણ સામાન્ય રીતે તેમને સજા થતી નથી, જેને કારણે તેમની હિંમત વધી જાય છે. તમિલનાડુની મદુરાઈ જિલ્લા અદાલતે પોલીસ કસ્ટડીમાં પિતા-પુત્રના મૃત્યુના કેસમાં એક ઉદ્યોગપતિ પી. જયરાજ અને તેમના પુત્ર જે. બેનિક્સના કસ્ટડીમાં મૃત્યુ માટે નવ પોલીસકર્મીઓને મૃત્યુદંડની સજા ફટકારી તે એક સુખદ અપવાદ છે. ભારતમાં પોલીસ કસ્ટડીમાં મૃત્યુના ગંભીર કિસ્સાઓ વારંવાર નોંધાયા છે, પરંતુ આપણી કાનૂની સિસ્ટમ જ એવી બની ગઈ છે કે ગંભીર અપરાધ કરનારા પોલીસ કર્મચારીઓ હેમખેમ છટકી જાય છે. પોલીસ કસ્ટડીમાં થયેલા અનેક હાઈ-પ્રોફાઈલ મૃત્યુએ પોલીસ વહીવટીતંત્રની કામગીરી પર પ્રશ્નો ઊભા કર્યા છે.

આ કેસ ૧૯ જૂન, ૨૦૨૦ ના રોજ શરૂ થયો હતો, જ્યારે મોબાઈલ શોપ ચલાવતા જયરાજ અને બેનિક્સની લોકડાઉન દરમિયાન પરવાનગી મુજબ આપેલા કલાકો કરતાં વધુ સમય સુધી દુકાન ખુલ્લી રાખવા બદલ ધરપકડ કરવામાં આવી હતી. તેમને સથનકુલમ પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા અને બાદમાં ન્યાયિક કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા હતા. થોડા દિવસોમાં બંનેનું પોલીસ કસ્ટડીમાં મૃત્યુ થયું હતું.

તેમના પરિવારોએ આરોપ લગાવ્યો હતો કે પોલીસ કસ્ટડીમાં તેમના પર હુમલો કરવામાં આવ્યો હતો. ત્યારબાદ, મદ્રાસ (ચેન્નાઇ) હાઈકોર્ટના નિર્દેશો અનુસાર, રાજ્યની સીબી-સીઆઈડી પાસેથી તપાસ સંભાળી લેતી સીબીઆઈએ આ કેસમાં ૧૦ પોલીસકર્મીઓની ધરપકડ કરી હતી.



**૨૦૧૭-૨૨ દરમિયાન ગુજરાતમાં પોલીસ કસ્ટડીમાં મૃત્યુની સૌથી વધુ સંખ્યા નોંધાઈ હતી, ત્યારબાદ મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ, તમિલનાડુ અને બિહારનો ક્રમ આવે છે**

ધરપકડ કરાયેલા લોકોમાં એક ઈન્સ્પેક્ટર, બે સબ-ઈન્સ્પેક્ટર અને ઘણા કોન્સ્ટેબલોનો સમાવેશ થતો હતો. એજન્સીએ આરોપી અધિકારીઓ વિરુદ્ધ હત્યાના આરોપો દાખલ કર્યા હતા. સીબીઆઈએ પોલીસ કસ્ટડીમાં ત્રાસ અને ત્યારબાદ મૃત્યુના કેસમાં મહત્તમ સજા તરીકે મૃત્યુદંડ અથવા આજીવન કેદની માંગણી કરી હતી. જિલ્લા અદાલતે નવ આરોપીઓને ફાંસીની સજા ફરમાવી હતી. પોલીસ કસ્ટડીમાં મૃત્યુની વાત આવે ત્યારે ભારતનો રેકોર્ડ નબળો છે. રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ અનુસાર, ૧ એપ્રિલ, ૨૦૧૭ થી ૩૧ માર્ચ, ૨૦૨૨ સુધી દેશભરમાં પોલીસ કસ્ટડીમાં મૃત્યુના કુલ ૬૯૯ કેસ નોંધાયા હતા. ૨૦૧૭-૨૨ દરમિયાન ગુજરાતમાં કસ્ટડીમાં મૃત્યુની સૌથી વધુ સંખ્યા નોંધાઈ હતી, ત્યારબાદ મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ, તમિલનાડુ અને બિહારનો ક્રમ આવે છે. જ્યારે કોઈ પોલીસ અધિકારી કોઈ વ્યક્તિને કોગ્નિઝેબલ ગુનો કરવાની શંકાના આધારે ધરપકડ કરે છે, ત્યારે તે વ્યક્તિ કસ્ટડીમાં હોવાનું કહેવાય છે. પોલીસ કસ્ટડીનો હેતુ ગુના વિશે વધુ માહિતી એકત્રિત કરવા માટે શંકાસ્પદ વ્યક્તિની પૂછપરછ કરવાનો, પુરાવાનો નાશ થતો અટકાવવાનો અને સાક્ષીઓના પ્રભાવને રોકવાનો છે. ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ ૫૭ મુજબ મેજિસ્ટ્રેટના આદેશ વિના આ અટકાયત ૨૪ કલાકથી વધુ સમય સુધી ચાલી શકતી નથી. હકીકતમાં ઘણા કિસ્સામાં પોલીસ દ્વારા ગેરકાયદે અટકાયત કરીને દિવસો સુધી તેને કસ્ટડીમાં ગોંધી રાખવામાં આવે છે. સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ દરેક પોલીસ કસ્ટડીમાં સીસીટીવી કેમેરા રાખવા ફરજિયાત છે, પણ તેનો અમલ બહુ ઓછો થાય છે.

પોલીસ કસ્ટડીમાં આરોપી ઉપર જે થર્ડ ડિગ્રી ટોર્ચર કરવામાં આવે છે તે પણ પ્રતિબંધિત છે, પણ પોલીસો દ્વારા થર્ડ ડિગ્રી કરવામાં આવે તો કોઈ ફરિયાદ સાંભળતું પણ નથી. પોલીસ કસ્ટડીમાં આરોપીની શારીરિક કસ્ટડીનો સમાવેશ થાય છે. તેથી, આરોપીને પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવે છે, જેથી પોલીસ પૂછપરછ માટે હંમેશા તેની પાસે પહોંચી શકે. જ્યુડિશિયલ કસ્ટડીમાં આરોપી મેજિસ્ટ્રેટની કસ્ટડીમાં હોય છે અને તેને જેલમાં મોકલવામાં આવે છે.


**ટાઈમ લાઈન**
**સંજય વોરા**

જ્યુડિશિયલ કસ્ટડીમાં આરોપીની પૂછપરછ કરવા માટે પોલીસે સંબંધિત મેજિસ્ટ્રેટ પાસેથી પરવાનગી લેવી આવશ્યક છે.

જો કોઈ પોલીસ અધિકારી કસ્ટડીમાં શંકાસ્પદ વ્યક્તિના મૃત્યુ માટે જવાબદાર હોય તો તેના પર હત્યાનો આરોપ મૂકવામાં આવે છે અને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ હેઠળ સજા કરવામાં આવે છે. IPCની કલમ ૩૦૪ હેઠળ પોલીસ અધિકારીને ખૂન ન ગણાતી ગુનાહિત હત્યા માટે સજા થઈ શકે છે. IPCની કલમ ૩૦૬ આત્મહત્યા માટે ઉશ્કેરણી માટેની સજા સાથે સંબંધિત છે. જો એવું જાણવા મળે કે શંકાસ્પદે કસ્ટડીમાં આત્મહત્યા કરી છે અને જો પોલીસ અધિકારીએ આત્મહત્યા માટે ઉશ્કેરણી કરી છે, તો તેને IPCની કલમ ૩૦૬ હેઠળ સજા કરવામાં આવે છે. જો પોલીસ અધિકારીઓ કબૂલાત મેળવવા માટે હિંસાનો ઉપયોગ કરે છે, તો તે IPCની કલમ ૩૩૦ હેઠળ સજાપાત્ર છે.

કાયદાની જોગવાઈ સામે દોષિત પોલીસ કર્મચારીઓને ભાગ્યે જ સજા થાય છે. છેલ્લાં પાંચ વર્ષમાં ભારતમાં પોલીસ કસ્ટડીમાં ૫૦૦થી વધુ મરણ થયાં છે, પણ તે પૈકી માત્ર એક જ કેસમાં જવાબદાર પોલીસ કર્મચારીને સજા થઈ છે. તામિલનાડુના કેસમાં પણ કસ્ટડીમાં હત્યા થયા પછી કેસનો ચુકાદો આવવામાં ૬ વર્ષ વીતી ગયાં હતાં.

ટ્રાયલ કોર્ટ દ્વારા નવ પોલીસ કર્મચારીઓને ફાંસીની સજા કરવામાં આવી છે, પણ તેઓ હાઈકોર્ટમાં છટકી જાય તેવું પણ બની શકે છે. નેશનલ હ્યુમન રાઈટ્સ કમિશનના આંકડા મુજબ છેલ્લાં ૨૫ વર્ષમાં પોલીસ કર્મચારીઓ વિરુદ્ધ કસ્ટડીમાં હત્યાની ૨,૩૦૦ ફરિયાદો થઈ છે, પણ તેમાંના માત્ર ત્રણ જ કેસમાં અપરાધીને સજા કરવામાં આવી છે.




# વિશ્વ રંગભૂમિના ફલક પર ભારતીય નાટ્યકળાનું ગૌરવવંતું પ્રદાન

તાજેતરમાં જ 27 માર્ચ વિશ્વ રંગભૂમિ દિવસ ગયો અને એ સમયે ભારત જ નહીં પણ વિશ્વના જુદા જુદા સ્થળે આ દિવસની ચંગેરંગે ઉજવણી પણ થાય છે. વિશ્વ રંગભૂમિ દિવસની ઉજવણી પ્રેરણાના મૂળિયાં ભારત અને છેક ગુજરાત સુધી ફેલાયેલા છે. તો આજે ભારતે વિશ્વને રંગભૂમિના સંદર્ભમાં શું પ્રદાન કર્યું છે? તેની આજે ચર્ચા કરીએ.

રંગભૂમિ માનવ સંસ્કૃતિનું એક જીવંત પ્રતિબિંબ છે. વિશ્વના દરેક ખૂણે નાટક માનવીની લાગણીઓ, સંઘર્ષ અને વિચારધારાને વ્યક્ત કરવાનું શક્તિશાળી માધ્યમ રહ્યું છે. પ્રાચીન ગ્રીસના નાટકો, William Shakespeare અને Bertolt Brecht ના પ્રયોગોએ વિશ્વ રંગભૂમિને નવી દિશાઓ આપી છે. કે પછી becketનું નાટક waiting for godot કેમ ના હોય એને વિશ્વને નવું પરિપ્રેક્ષ્ય આપ્યું. પરંતુ આ વૈશ્વિક સફરમાં ભારતનું યોગદાન અનોખું અને અવિસ્મરણીય છે. ભારત પાસે માત્ર નાટકો નથી, પરંતુ નાટ્યકળાનું સંપૂર્ણ શાસ્ત્ર અને પરંપરા છે, જે આજે પણ વિશ્વને માર્ગદર્શન આપે છે.

**નાટ્યશાસ્ત્ર: વિશ્વનો પાયો**

ભારતીય રંગભૂમિનો આધાર Natyashastra પર ટકેલો છે, જે Bharata Muni દ્વારા રચાયું હતું. આ ગ્રંથને 'પંચમ વેદ' પણ કહેવામાં આવે છે. તેમાં અભિનય, નૃત્ય, સંગીત, મંચ વ્યવસ્થા અને દર્શકોના મનોજ્ઞાન સુધીની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. નાટ્યશાસ્ત્રમાં અભિનયના ચાર મુખ્ય પ્રકાર જણાવવામાં આવ્યા છે. આંગિક, વાચિક, આહાર્ય અને સાત્વિક. આજના આધુનિક એક્ટિંગ સ્કૂલ્સમાં પણ આ સિદ્ધાંતોનો ઉપયોગ થાય છે.

**રસ સિદ્ધાંત: લાગણીઓની વૈશ્વિક ભાષા**

**કર્ટનકોલ**
**ગીરીશ સોલંકી**



ભારતનું સૌથી મોટું યોગદાન છે 'રસ સિદ્ધાંત'. આ સિદ્ધાંત મુજબ નાટકનો મુખ્ય હેતુ દર્શકોમાં ભાવ જગાવવાનો છે. શૃંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, વીર, ભયાનક, બિભત્સ, અદ્ભુત અને શાંત આ નવ રસો માનવ જીવનની વિવિધ લાગણીઓને વ્યક્ત કરે છે. આજે પશ્ચિમમાં જે "મેથડ એક્ટિંગ" અથવા "ઈમોશનલ કનેક્શન" ની વાત થાય છે, તે ક્યાંક ને ક્યાંક આ રસ સિદ્ધાંત સાથે જોડાયેલી છે. ભારતે વિશ્વને શીખવ્યું કે નાટક માત્ર મનોરંજન નથી, પરંતુ આંતરિક અનુભૂતિ છે.

**લોકનાટ્ય અને પરંપરાગત શૈલીઓ**

ભારતની વિવિધતા તેની નાટ્યકળામાં પણ સ્પષ્ટ જોવા મળે છે. કથકળી, યક્ષગાન, નૌટંકી અને ગુજરાતનું ભવાઈ જેવી શૈલીઓ વિશ્વભરમાં જાણીતી છે. આ શૈલીઓમાં સંગીત, નૃત્ય, રંગભૂષા (મેકઅપ), વેશભૂષા અને શરીરની અભિવ્યક્તિનો વિશેષ ઉપયોગ થાય છે. પશ્ચિમના નાટકો જ્યાં સંવાદ પર આધારિત રહ્યા છે, ત્યાં ભારતીય લોકનાટ્યએ દર્શાવ્યું કે શબ્દો વગર પણ અસરકારક રીતે ભાવ વ્યક્ત કરી શકાય છે. આથી વિશ્વના અનેક દિગ્દર્શકો ભારતીય શૈલીઓથી પ્રેરાયા છે.

**આધુનિક રંગભૂમિ અને પ્રયોગો**

આધુનિક સમયમાં ભારતીય રંગભૂમિએ નવા પ્રયોગો દ્વારા પોતાની ઓળખ મજબૂત બનાવી છે. Badal Sircar એ 'થર્ડ થિયેટર'નો વિચાર આપ્યો, જેમાં મંચ અને સજાવટ વગર સામાન્ય લોકો વચ્ચે નાટકો ભજવાયા. આ પ્રયોગે વિશ્વને સ્ટ્રીટ થિયેટરનો નવો દૃષ્ટિકોણ આપ્યો.

તે ઉપરાંત Ratan Thiyam એ મણિપુરની પરંપરાગત કલાને આધુનિક સ્વરૂપ આપીને આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ મેળવી. આવા દિગ્દર્શકોએ સાબિત કર્યું કે ભારતીય નાટ્ય માત્ર પરંપરા સુધી સીમિત નથી, પરંતુ સતત બદલાતું અને વિકસતું માધ્યમ છે.

**સામાજિક જવાબદારી અને રંગભૂમિ**

ભારતમાં નાટક માત્ર મનોરંજન પૂરતું નથી. તે સમાજના પ્રશ્નોને ઉજાગર કરવાનું સાધન છે. સ્ત્રી સશક્તિકરણ, ગરીબી, ભ્રષ્ટાચાર અને સામાજિક અસમાનતા વગેરે જેવા મુદ્દાઓ પર નાટકો કરવામાં આવી છે. આ રીતે રંગભૂમિ સમાજમાં જાગૃતિ લાવવાનું શક્તિશાળી હથિયાર બની છે.

ભારતના ઘણા કલાકારોએ નાટકને લોકો સુધી પહોંચાડવા માટે ગામડાં, રસ્તાઓ અને નાના શહેરોમાં પ્રયોગો કર્યા છે. આથી રંગભૂમિ ખરેખર લોકલ નહીં પણ લોકોની કલા બની છે.

**વર્તમાન સમય અને નવી દિશાઓ**

આજના ડિજિટલ યુગમાં રંગભૂમિ માટે નવા પડકારો ઉભા થયા છે. ફિલ્મો, વેબ સિરિઝ અને સોશિયલ મીડિયાની વચ્ચે થિયેટરને પોતાની જગ્યા જાળવવી મુશ્કેલ બની છે. છતાં, ભારતીય રંગભૂમિ તેની લવચીકતા અને સર્જનાત્મકતા દ્વારા આગળ વધી રહી છે. હું તો કહું છું કે આજના AI ના જમાનામાં મને જ્યારે એ ડર સતાવતો નથી કે નાટકનો શું થશે? કારણકે ઓનલાઈન પોતાનો સંસાર વસાવી બેઠેલા લોકો ને આજે નહીં તો કાલે નાટકની જીવંતતા તેને લાઈવ જોવાની લાહ્ય તેમને વધુ મંચ સુધી ખેંચી લાવશે એ પછી કલાકારો હોય કે દર્શકો જોકે આજે ઑનલાઇન થિયેટર, ડિજિટલ પ્રદર્શન અને આંતરરાષ્ટ્રીય મહોત્સવો દ્વારા ભારતીય કલાકારો વિશ્વ સાથે જોડાઈ રહ્યા છે. આજના ભારતીય યુવાનો પણ નવા પ્રયોગો કરીને રંગભૂમિને નવી ઊંચાઈ પર લઈ જઈ રહ્યા છે.

**વિશ્વ રંગભૂમિની આત થાય ત્યારે ચં.ચી ને યાદ કેવી રીતે ના કરીએ?**

**ભારતનું સૌથી મોટું યોગદાન છે 'રસ સિદ્ધાંત'. આ સિદ્ધાંત મુજબ નાટકનો મુખ્ય હેતુ દર્શકોમાં ભાવ જગાવવાનો છે. શૃંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, વીર, ભયાનક, બિભત્સ, અદ્ભુત અને શાંત આ નવ રસો માનવ જીવનની વિવિધ લાગણીઓને વ્યક્ત કરે છે**

તાજેતરમાં જ શ્રી રાજનભટ્ટ ગુજરાતમિત્રને માહિતી આપી જે પ્રમાણે વિચક્ષણ પ્રતિભાવત સુરતના જ કવિ લેખક અને નાટ્યકાર તથા ગુજરાતી સાહિત્ય પરિષદ અને ફાર્બસ સાહિત્ય સભાન પૂર્વધયક શ્રી ચંદ્રવદન ચીમનલાલ મેહતાને તેમની સવાસોમી જન્મ શતાબ્દી અત્રેના ચેમ્બર્સના સમૃદ્ધિના બોર્ડરૂમમાં પ્રબુદ્ધ અગ્રણી નગરજનોની અને નાટ્યવિદોની ઉપસ્થિતિમાં સ્મરણાજલિ અપ્રાણ કરવામાં આવી. આ પ્રસંગે જાણીતા નાટ્યકાર શ્રી સતીશ વ્યાસ, નાટ્યવિદ શ્રી મહેશ ચંપકલાલ અને વિવેચક લેખક પ્રા.રમણ સોનીએ ચં. ચીના વિવિધ પાસઓ પર વાત માંડી હતી અને શ્રી સતીશ વ્યાસે પોતાની રજૂઆત કરતાં જણાવ્યું હતું કે ચંદ્રવદન નાટકકાર તરીકે વિશિષ્ટ વિલક્ષણ છે. આઝાદી પેહલા ભજવાતા ધંધાદારી નાટકોની સમાંતરે એમને વિષય અને મંચન વૈવિધ્યવાળા નાટકો આપ્યા. આજે સવાસોમી જયંતીએ પણ એમના "પાંજરાપોળ","આગગાડી","હોહોલિકા","નાગાબાવા" પરમ માહેશ્વર અને "ધરાગુર્જરી" પ્રશિષ્ઠતાની કસોટી ટકી રહ્યા છે. ધરાસભાન રાકીય કતાક્ષને લીધે એ પ્રતિબંધિત થયું હતું. ત્યારે લેખકની સ્વતંત્રતા માટે એ ઠેઠ સુપ્રીમ સુધી લડી વિજયી થયા હતા.પ્રા.રમણ સોનીએ ચં.ચી ની કવિતા વિષે વ્યક્તવ્ય આપતા જણાવ્યું હતું કે આપણે આટલાં વર્ષો પછી પણ ચં.ચીને ઈલા કાવ્યોના કવિ તરીકે યાદ કરીએ છીએ. નાટ્યવિદ શ્રી મહેશ ચંપકલાલ સમર્થ ગધ્યના સર્જક તરીકે ચં.ચી ને શૈલીના બહુરંગી વ્યક્તિત્વ કહ્યા હતા. તથા સભાન અધ્યક્ષ શ્રી યઝ્દી કરંજીયા ચં.ચીના માનસપુત્ર તરીકે તેમની હાસ્ય શૈલીમાં ચં.ચી સાથેની વાત વગોળી હતી. શ્રી કપિલદેવ શુક્લએ સભા સંચાલન અને શ્રી રાજન ભટ્ટે ઔપચારિક વિધિ આટોપી હતી .

ભારતે વિશ્વને માત્ર નાટક આપ્યું નથી, પરંતુ નાટકને સમજવાની દૃષ્ટિ પણ આપી છે. રંગભૂમિ માનવતાને જોડતો એક સેતુ છે અને આ સેતુને મજબૂત બનાવવામાં ભારતનું યોગદાન સદૈવ યાદગાર રહેશે અને સુરત પણ તેમાં સમયાંતરે પોતાનો ફાળો નોંધાવતું રહ્યું છે.

અનુસંધાન પાના ત્રણનું

## કબીરા ખડા બજારમેં

ગુજરાત રાજય તેના સારા માર્ગો માટે દેશમાં વિખ્યાત છે પરંતુ અકસ્માતો અને મરણની સંખ્યામાં વધારો થઇ રહ્યો છે. શું એવું છે કે સારા માર્ગો પર હાલનાં ઝડપી વાહનો તેજ ભગાવવાથી અકસ્માતો વધ્યા છે? વાહનોની સંખ્યા વધી છે. પરંતુ રસ્તા અને વાહનોની ગુણવત્તામાં વિકાસ થયો તે માણસોને વધુ સંખ્યામાં મારી રહ્યા છે. વિકાસ સાથે સરકારના તમામ તંત્રોએ તાલ મિલાવવો જોઈએ તે નથી થઇ રહ્યું? ઘણા લોકો માત્ર ભગવાનના ભરોસે વાહન ચલાવે છે. એ રીતે શિખ્યા હોય છે અને ભ્રષ્ટાચારના ભરોસે લાયસન્સ મળી જાય છે. લોકો સમજતાં નથી કે આ રીતે તેઓ આત્મહત્યા તરફ તો જઇ રહ્યા છે અને અન્ય લોકોનાં ખૂન કરવા તરફ આગળ વધી રહ્યા છે.

દેશમાં કારોના વાયરસને કારણે થયેલાં કુલ મરણનો ચોક્કસ આંકડો કોઇ જાણતું નથી. લોકો પોતપોતાની રીતે અને અમુક લોકો પોતાનાં હિતો સાધવા અલગ નાનીથી મોટી, ખૂબ મોટી સંખ્યાઓ રજૂ કરે છે. ગામડાંઓમાં લોકો મરી ગયાં તેઓની સીધા સ્મશાને પહોંચાડવામાં આવ્યા. કોઇ દફતરમાં તેની નોંધણી થઇ નથી. તેમ છતાં 2024ની આખરમાં ગુજરાત સરકારે આંકડા જાહેર કર્યા તે મુજબ ગુજરાતમાં કુલ 11101 (આ આંકડો કોઇકના આણાના પ્રસંગે કે દાનધર્મ કરાવતી વખતે જે રૂપિયા લખાવવામાં આવે તેને મળતો નથી. એ શુભેચ્છાની રકમો નક્કી કરવામાં કોઇ હિસાબ કે તર્ક હોતા નથી. અહીં પણ એવું જ જણાઇ રહ્યું છે). મરણ નીપજ્યાં હતા. એ વખતે જે ગંભીરતા અને સજાગતા વ્યાપ્યાં હતા તેનો અમુક અંશ માર્ગ અકસ્માતો અને બીજી અકસ્માતો વખતે દાખવવામાં આવે તો વર્ષના લગભગ આઠ હજાર માણસો રસ્તા પર મરણ પામે છે તે સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો શક્ય છે. કોરોના વખતે દરેકને ડર હતો કે મહામારી આપણા સુધી પહોંચી જશે. માર્ગ અકસ્માતો બાબતે સામાન્ય રીતે લોકો એવું માનતા હોય છે કે તે બીજાઓને નડે. આપણે ત્યાં અકસ્માતો ન થાય. જાણે કે ભગવાને લખીને અભયદાનનું પ્રમાણપત્ર આપી દીધું હોય! જ્યારે પોતાના લોકો સાથે અકસ્માત થાય ત્યારે રડે કે ઇશ્વર આવી કસોટી લેશે એવું ધાર્યું ન હતું. પરંતુ ભલા માણસો, ધારીને જ આગળ વધો. અકસ્માતો સાવ બંધ થઇ જાય એવું નહીં બને, પણ ઘણો મોટો ઘટાડો થશે. કામદારો જ્યારે ગટરના ઢાંકણા રસ્તા પર ખુલ્લાં મૂકીને ચા-પાણી કે છાંટો પાણી લેવા જતા રહે ત્યારે ધારવું જ જોઇએ કે કોઇક તેમાં પડી જશે. ભારતમાં સૌથી વધુ લોકો ગટરના મેનહોલમાં જ ગરકાવ થઇ જતા હશે. હમણાં નવસારીમાં એક કાર આગળ એક ગલુંડીયું કૂતરૂં હતું એને બચાવવા માટે કાર માલિકે ગાડી રિવર્સમાં લીધી તો પાછળ એનો ભૂલકો પુત્ર હતો તે કચડાઈ ગયો. આ હૃદય વિદારક ઘટના છે, અને તે માટે કોઇને દોષ આપવો નથી. પરંતુ પાછળ કોઇક હોઇ શકે છે એ ધારીને તપાસ કરી લીધી હોત તો આ મહાઅનર્થ સર્જાયો ન હોત. ભારતના લોકોને બધી બાબતો ભગવાન પર ઢોળી દેવાની ટેવ છે. વાસ્તવમાં આ મિથ્યા આશ્વાસન છે. જો ભગવાન જ બધું કરવાનો હોય તો પોતે ડૉક્ટર પાસે કે દવાખાને શા માટે પહોંચી જાઓ છો? માણસ પરવા રાખે, મહેનત કરે તો ઈશ્વર કે સર્જનહાર સાથ આપે જ છે. સામાન્ય શ્રદ્ધા છે કે આયુષ્ય કુદરતના હાથમાં છે, પરંતુ માનવજાતિના સહિયારા પ્રયત્નો બાદ સરેરાશ આયુષ્યમાં ઘણો વધારો થયો કે નહીં?


અમેરિકામાં લોકો પાસે ત્રીસ કરોડ વાહનો છે. ખૂબ ઝડપથી ભાગે એવાં. ત્યાં વર્ષના છ લાખ ચૌદ હજાર અકસ્માતો થાય છે. રસ્તા પર આઈસ જામી જવો, વાવાઝોડા, ઊંચી ઝડપ વગેરે અકસ્માતોને આમંત્રણ આપતાં તત્વો ત્યાં વધુ છે. શરાબ અને ડ્રગ્સનું સેવન પણ ઘણું. વર્ષ 2025માં આખા અમેરિકામાં મળીને લગભગ સાડા છત્રીસ હજાર લોકોનાં મરણ માર્ગ અકસ્માતમાં નીપજ્યાં હતાં. 2024માં સાડા ઓગણચાલીસ હજાર, 2023માં લગભગ 45 હજાર મરણ રોડ એક્સિડેન્ટમાં માર્યા ગયાં હતાં. ત્યાં આંકડો ઘટી રહ્યો છે કારણ કે માણસે કરવાનું હોય તે કામ ભગવાન પર છોડવામાં નથી આવતું.

ભારતમાં પણ ત્રીસેક કરોડ વાહનો છે. જેમાં 21 કરોડ ટુ વ્હીલર અને સાત કરોડ ફોર વ્હીલર્સ કે તેથી વધુ પૈડાનાં ટ્રક-ટ્રોલી વગેરે વાહનો છે. તે સામે 2024માં ભારતમાં દરેક રાજ્યોના કુલ આંકડા મળતા નથી. માત્ર 24 રાજ્યો અને સંઘપ્રદેશોમાં મળીને કુલ એક લાખ સિત્તેર હજાર જણ માર્યા ગયા નથી. આ ફીગર્સમાં પશ્ચિમ બંગાળમાં સર્જાયેલાં અકસ્માતોનો સમાવેશ થયો નથી. પરંતુ ત્યાંની સરકારે મોડે મોડે જાહેર કરેલા આંકડાઓ મૂજબ 2024માં બંગાળમાં છ હજારથી વધુના માર્ગ અકસ્માતમાં મરણ પામ્યા હતા. એ મળીને પોણા બે લાખથી વધુ માણસો મરણ પામ્યા. 2023માં મરણનું પ્રમાણ 2024 કરતાં ઓછું રહ્યું હતું. અમેરિકનો રાખે છે એવી તકેદારી ભારતીયો રાખે, દરેક સંબંધિત વિભાગ પોતાના ઊચિત કામો કરે તો ભારતમાં પણ આંકમાં નોંધપાત્ર ઘટાડો થાય. કારણકે એ લોકો પાસે એક માથું, બે કાન, બે આંખ, એક નાક, એક જીભ અને બબ્બે હાથ પગ છે એવા આપણી પાસે પણ છે. પરંતુ જે ખૂટે છે તે દાનત, નિયત અને ફરજ પરસ્તી છે. કર્મપરાયણતા નથી. ભારતમાં સૌથી વધુ બાઈકો પર નવલોહિયા યુવાનો અને કામકાજ કરી શકતા વ્યસ્ત લોકો મરે છે. આ સ્થિતિની સામાજિક ખોટ ખૂબ ઊંચી આવે છે.

રાજ્યો અને કેન્દ્ર સરકાર દ્વારા દાવાઓ કરાય છે કે સરકાર આ બાબતમાં ખૂબ ચિંતિત છે. કોમેડી એ હકીકતમાં છે કે સરકારે રાજ્યોની ઓથોરિટીઓને જણાવ્યું છે કે જે લોકો બે કે વધુ વાર અકસ્માત કરે તેઓના માનસનું પરીક્ષણ કરાવી જરૂર પડે તો તેઓના લાયસન્સ રદ કરવા. એવી સૂચનાઓ અપાઈ છે કે જે માર્ગ પર અરધો કિલોમીટરના અંતરમાં બે કે વધુ અકસ્માત સર્જાય તો કોન્ટ્રેક્ટર પાસે માર્ગ બાંધકામની એ ખામી દૂર કરાવવી. કોન્ટ્રેક્ટર સહયોગ ન કરે તો અને બ્લેક લિસ્ટમાં મૂકવો.

સરકાર પોતે જ પોતાની બિમારી જાણે સમજે છે. સૌથી મોટી બિમારી અધિકારીઓનો ભ્રષ્ટાચાર છે અને આ ખાનગી વાત સૌથી જગજાહેર છે. ખાનગી પેનલ્ટીઓનું એક વિશાળ ખાનગી નેટવર્ક ચાલે છે. પ્રજાને પણ એ માફક આવે છે. જ્યાં પાંચ હજાર ભરવાના થતા હોય ત્યાં 500માં છૂટકારો થઈ જાય છે. ખરી જરૂરત તો સરકાર ભ્રષ્ટ માનસ ધરાવતા અધિકારીઓની માનસિક તપાસ કરાવે તેની છે. ગમે તેટલાં, ગજા બહારનાં લોર્ડીંગવાળી ટ્રકો ઝડપી લેનમાં ધીમી ગતિએ ચાલે. વાસ્તવમાં ન દોડે અને ન બીજાને દોડવા દે. અધિકારીઓ આવાં વાહનોને પકડે તો રસ્તાઓ પર લોકો, અન્ય ડ્રાઈવરો ફ્સ્ટ્રેટ થાય છે અને અવળા નિર્ણયો લઈ લે છે તે અટકે. એક તો વાહનો લેનમાં ચલાવવાનું ફરજિયાત નથી. બીજી બાજુ લોકો માટે સલામત ફૂટપાથો નથી. સાવ હોતી નથી. સૂચનાઓનાં પાટિયાં ન રાખવા જોઈએ. ત્યાં રાખ્યા હોય. ગામડામાં બુલડોઝરનાં, ટ્રેક્ટરોના ખેડૂત ડ્રાઈવરો આપમેળે, નિયમો અને કીનેટીક્સનાં નિયમો જાણ્યા વગર વાહનો ચલાવતાં હોય. માત્ર એવી ડ્રાઈવિંગ સ્કૂલોને માન્યતા આપવી જોઈએ જ્યાં કડક ધારાધોરણનું પાલન થતું હોવું જોઈએ. લાયસન્સ પણ આકરી કસોટી બાદ ઈસ્યુ થવું જોઈએ. જે નબળા ડ્રાઈવરો હોય તેઓને પ્રવાસનની તેજીની સિઝનમાં છૂટક કામ મળી જાય છે અને તેથી પ્રવાસનાં વાહનો સાથે વધુ અકસ્માતો થાય છે. રસ્તાઓ પર આપણને કૂતરાં જોઈએ. સુધરાઈ રસ્તો સરખો કરે એટલે પંદર દિવસ બાદ સુધરાઈનો નળ વિભાગ એ તોડવા આવી જાય. વચોવચ ખાડો પાડે, કોઈકને કનેકશન આપે અને એવી રીતે ફીટ કરીને જાય કે એ ખાડો મીઠા વીરડાની જેમ સતત પાણી ઝરતો રહે. એક ખાબોચિયું બીજા અનેક પેદા કરે. નવો કોન્ટ્રેક્ટ આપવા આ બધું કરવું જરૂરી પણ હોય અને રહી રસ્તાના કોન્ટ્રેક્ટરોને બ્લેક લિસ્ટ કરવાની વાત. તો મુંબઈ-અમદાવાદ હાઈવે પર ગાયોનાં ટોળાં ધામાં નાખીને બેઠા હોય છે. રસ્તો રોકી દે છે તે સરકારી માનસશાસ્ત્રીઓને દેખાતુ નથી શું?

## કાકુરો



» અહીં ૮x૯ના ખાનાવાળા ચોરસ આપેલ છે.
» ચોરસના અમુક ખાનામાં ત્રિકોણમાં અંક દર્શાવ્યા છે.
» બાકીનાં ખાલી ખાનામાં ૧ થી ૯ નો અંક આવી રીતે લખવો જેનો સરવાળો ત્રિકોણમાં આપેલ અંક જેટલો થવો જોઇએ.
» કોઇ પણ અંકનો બીજી વખત ઉપયોગ કરવો નહિ (એક જ સંખ્યામાં)

→ આડી લાઇન
↓ ઊભી લાઇન

## કાકુરો- નો ઉકેલ

